ॐ
શ્રી પરમકૃપાળુદેવાય નમઃ
નાટક સમયસાર
શિબિર - ૩૧
સર્વવિશુદ્ધિ દ્વાર (છંદ ૭-૨૫)

WORKSHEET **Marks: 50**

Name: ..... Tel. No.: ..... Group: ..... Zone: .....

(I) નીચેનાં વર્ણન પરથી વ્યક્તિને ઓળખો. **Marks: 5**

૧. પૂજ્યશ્રી અંબાલાલભાઈનો સમાગમ તેઓ ઝંખતા, કારણ કે તેમની સાથે રહેતાં તેમને પરમકૃપાળુદેવ વધુ યાદ આવતા.

.....

૨. દીક્ષા માંગવા આવેલી બે વ્યક્તિઓનો તેમણે ઇન્ટરવ્યૂ લીધો અને પત્નીના વિયોગમાં ધ્રુસકે ધ્રુસકે રડનારને તેમણે દીક્ષા આપી.

.....

૩. ઋષિના ભવમાં તેઓ હરણના બચ્ચાના મમત્વમાં અટવાઈ ગયા.

.....

૪. રામાયણના આ પાત્રના જીવનમાં ભગવાન હતા, પણ ગુરુ નહોતા. 'બીજાનું આવું થયું, મારું આવું નહીં થાય', એમ તેનો અહંકાર તેને કહેતો.

.....

૫. મુનિઓ જેવી સિદ્ધિ તેમણે ઝવેરી બજારમાં વ્યવસાય કરતાં, પત્ની, પરિવાર, પાર્ટનરોની વચ્ચે રહીને પ્રાપ્ત કરી.

.....

(II) નીચે આપેલ દૃષ્ટાંતોના પરમાર્થમાં લીટી કરેલ શબ્દની બદલે યોગ્ય શબ્દ લખો. **Marks: 5**

૧. દૃષ્ટાંત : ટાઈમ બૉમ્બ - પ્રેશર કૂકર - સીટી
પરમાર્થ : જેમ જેમ બહારથી પ્રેશર વધે, અંદરથી <u>વ્યાકુળતા</u> વધવી જોઈએ. .....

૨. દૃષ્ટાંત : ફ્રીઝર - માઇક્રોવેવ
પરમાર્થ : બની ગયેલા દુખદ પ્રસંગને <u>ભૂલી જઈએ</u> તો દુઃખ વધે. .....

૩. દૃષ્ટાંત : પત્તાંની રમત - કયાં પત્તાં - કઈ રીતે રમો
પરમાર્થ : જીવનમાં કયા સંજોગો મળ્યા તે પ્રારબ્ધ, પણ તેમાં કેવી રીતે વર્તવું તે <u>નસીબ</u> છે. .....

૪. દૃષ્ટાંત : ખડૂસ પાનવાળો - 'તમારા હાથ ભગવાનના હાથ છે.'
પરમાર્થ : આપણું જીવન <u>અન્યની પ્રતિક્રિયા</u> પ્રમાણે ચાલવું જોઈએ. .....

૫. દૃષ્ટાંત : નાટકના કલાકાર - મેકઅપ, સંવાદ, હલનચલન, પ્રતિભાવ
પરમાર્થ : સમ્યગ્દૃષ્ટિ જીવની સંસારક્રિયા <u>તેમની ઈચ્છા</u>ને કારણે થાય છે. .....

૬. દૃષ્ટાંત : વરનો બાપ બની વરઘોડો માણી ન શકાય.
પરમાર્થ : <u>કર્તા</u> બનશું તો જગતમાં શાંત, વિકલ્પરહિત રહી શકાશે. .....

૭. દૃષ્ટાંત : કોન - ટોચ (એપેક્સ), પડખું (સાઈડ), પાયો (બેઝ)
પરમાર્થ : સત્સંગ દ્વારા આપણે એવી દશા પ્રગટાવવાની છે કે નિમિત્ત વચ્ચે મન <u>ચંચળ</u> રહે. .....

૮. દૃષ્ટાંત : નાવ - કાણું - તારે - ડુબાડે
પરમાર્થ : બહારની મુશ્કેલીને <u>જીવનમાં</u> પ્રવેશવા દઈએ છીએ કે નહીં, તે આપણું કલ્યાણ કે પતન નક્કી કરશે. .....

૯. દૃષ્ટાંત : રેલવેના પાટા - એક ડિગ્રીનો ફેર
પરમાર્થ : મંજિલે પહોંચવા માટે પુરુષાર્થની <u>ગતિ</u> બરાબર હોવી જરૂરી છે. .....

૧૦. દૃષ્ટાંત : રેડ પડી - પોલીસ મુનીમને નહીં, શેઠને પકડે
પરમાર્થ : <u>ભિન્નતા</u>વાળાં પરિણામ કરનારને કર્મ બંધાય છે. .....

(III) નીચે આપેલા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી પૂજ્ય ગુરુદેવશ્રીનું સૂત્ર લખો. **Marks: 5**

૧. અસ	ઈન	વૉટેવર	નૉટ	હેપન્સ	ટુ	અસ	હેપન્સ

.....

૨. દાસાનુદાસ	મારા ભગવાન!	નથી બનવું	તારી સ્ટોરીમાં	બનવું છે	મારે હીરો	મારે

.....

૩. સ્વભાવવિરોધી	છ	નથી	છે	ક્ષેત્રવિરોધી	દ્રવ્ય

.....

૪. મીનિંગફુલ	ટ્રૉમા ઈઝ	બટ	નેવર	ઑલ્વેઝ	બ્યુટિફુલ

.....

૫. વિરક્તિ	બાઈટ્સ યુ	નેચરલ	વેન ધ	બિકમ્સ	સ્પિરિચ્યુઅલ બગ

.....

(IV) નીચેનાં કથનોને તેનાં કારણ સાથે જોડો. **Marks: 5**

કથન	**કારણ**
૧. જડ અને ચેતન બંને એક અપેક્ષાએ ભગવાન છે, કારણ કે ...	(a) દ્રવ્યકર્મ જીવની નહીં, પુદ્‌ગલની પર્યાય છે.
૨. શાસ્ત્રોએ અજ્ઞાનીને વિષયોનો ભોક્તા કહ્યો, કારણ કે ...	(b) ત્યારે તે સંસ્કાર બને છે.
૩. જ્ઞાનીને જ્ઞાનાદિ ગુણરૂપ રત્નોના ભંડાર કહ્યા, કારણ કે ...	(c) સમ્યક્‌ત્વ થતાં સર્વ ગુણોની શુદ્ધિનો અંશ પ્રગટે છે.
૪. નિર્ણય લેતાં પહેલાં પ્રાર્થનાપૂર્ણ (પ્રેયરફુલ) થવું, કારણ કે ...	(d) તે સર્વ દ્રવ્યોનું વિશેષ જ્ઞાન છે અને કાયમી આનંદ આપે છે.
૫. બે સમ્યગ્‌દૃષ્ટિ જીવોનું બાહ્ય જીવન સરખાવી ન શકાય, કારણ કે ...	(e) દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયમાં પૂર્ણ છે.
૬. અતીન્દ્રિય હોય તે બધું આત્મા નથી, કારણ કે ...	(f) તેમનાં ઔદયિક પરિણામો અસંખ્યાત પ્રકારનાં હોય છે.
૭. વીતરાગ વિજ્ઞાનને જ સાચું વિજ્ઞાન કહ્યું, કારણ કે ...	(g) તેમને મિથ્યાત્વ સહિતની ઇચ્છા નથી.
૮. અધ્યાત્મ સમ્યગ્‌દૃષ્ટિ જીવને ઇચ્છારહિત કહે છે, કારણ કે ...	(h) સ્વરૂપના અજ્ઞાનને લીધે તે પર્યાયમાં અહંબુદ્ધિ રાખે છે.
૯. અજ્ઞાનીને ભાવકર્મનો કર્તા કહ્યો, દ્રવ્યકર્મનો નહીં, કારણ કે ...	(i) તણાવના વાતાવરણમાંથી બહાર નીકળતાં મૂડ, મોડ અને આખો દૃષ્ટિકોણ બદલાય છે.
૧૦. વાંચેલું કે સાંભળેલું નવ વાર મનમાં ફેરવવું, કારણ કે ...	(j) દ્રવ્યકર્મ પુદ્‌ગલ હોવા છતાં ઇન્દ્રિયોથી જણાતું નથી.

૧. ..... ૨. ..... ૩. ..... ૪. ..... ૫. ..... ૬. ..... ૭. ..... ૮. ..... ૯. ..... ૧૦. .....

(V) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો. **Marks: 5**

૧. છંદ ૭માં આત્મરસી બનારસીદાસજીએ પરમ શુદ્ધ નિશ્ચયનયથી કહ્યું છે કે અજ્ઞાની જીવ વિષયોનો ભોક્તા છે, પણ જ્ઞાની નહીં.

.....

૨. જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી એ કથન ક્રિયાની દૃષ્ટિએ છે.

.....

૩. દૃષ્ટિને ધ્રુવ પર ટીંગાડીને પછી અલગ-અલગ અપેક્ષાએ આત્મસ્વભાવ જ્ઞાનનો, રાગનો, દ્રવ્યકર્મનો કર્તા છે એમ વિચારવું.

.....

૪. પરદ્રવ્ય મારામાં પ્રવેશ કરી શકે નહીં એ દ્રવ્યનું સ્વરૂપ છે.

.....

૫. ભાવકર્મ અને દ્રવ્યકર્મ, બંનેનું ફળ ભવિષ્યમાં મળે છે.

.....

(VI) એક વાક્યમાં જવાબ લખો. **Marks: 8**

૧. છ દ્રવ્યો એકક્ષેત્રાવગાહી ન હોત, તો શું થાત?

.....

૨. મુશ્કેલીના સમયે અપનાવવાના 'CAR' મૉડેલના ત્રણ મુદ્દા કયા?

.....

૩. છંદ ૧૫માં દુર્બુદ્ધિ જીવ માટે વાપરેલ ‘માયામાં મગ્ન’ શબ્દોનો અર્થ લખો.

.....

૪. છંદ ૭માં જ્ઞાનીની સમાધિ માટે વાપરેલા નિર્વિકલ્પ અને નિરુપાધિ શબ્દોના અર્થ લખો.

.....

૫. પ્રીતિ વધારવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને દરરોજ કઈ સાધના કરવા કહ્યું? ભક્ત માટે વિરક્તિનો શો અર્થ બતાવ્યો?

.....

૬. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'શૂન્યતા'નો શો અર્થ કહ્યો? સત્સંગપ્રેમમાં ગુરુ ઉપરાંત કોના પ્રત્યેના પ્રેમનો સમાવેશ થાય છે?

.....

૭. પૂજ્ય ગુરુદેવશ્રીએ રાગના સંદર્ભમાં પરમપુરુષ, સ્ત્રી અને નપુંસક કોને કહ્યા?

.....

૮. 'ભોગવે તેની ભૂલ' એ સિદ્ધાંત સમજાય તો જીવનમાંથી શું નીકળી જાય છે?

.....

(VII) ટૂંકાણમાં જવાબ લખો. **Marks: 10**

૧. જીવનને યજ્ઞ બનાવવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ અગ્નિ પ્રગટાવવો, આહુતિ આપવી, જ્વાળાઓ ઊંચે જવી અને રાખનું શું કરવું, એનો શો અર્થ સમજાવ્યો?

.....

.....

.....

.....

૨. યોગ્ય નિર્ણય લેવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલી ૯ ટિપ્સ લખો.

.....

.....

.....

.....

૩. છંદ ૮માં જ્ઞાનીનાં ૧૧ લક્ષણો સમજાવતાં જ્ઞાનીને ચૈતન્યચિહ્નના ધારક, જ્ઞાનીઓને પ્રિય, મોક્ષમાર્ગમાં કુશળ અને યોગોના મમત્વરહિત શા માટે કહ્યા?

.....

.....

.....

.....

૪. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચાર 'R' સમજાવતાં ગુરુને ક્યાં યાદ ('રિમેમ્બર') કરવા કહ્યું? 'રિલાયન્સ'માં કૃતજ્ઞતાનો ભાવ ક્યારે હોવો જોઈએ? 'રિનન્સિએશન'માં આપણો વિકાસ થાય ત્યારે શું ખરવા લાગે છે? કયો 'R' બાકીના ત્રણ 'R' લઈ આવે છે?

.....

.....

.....

.....

૫. શિષ્ય શ્રીગુરુને 'પ્રભુ' કહીને પોતાની શંકા રજૂ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમાં શિષ્યના કયા ત્રણ ગુણો બતાવ્યા? શિષ્યની શંકા પરથી તેની કઈ અજ્ઞાનતા પ્રગટ થાય છે?

.....

.....

.....

.....

(VIII) મીમાંસા - ભાવકર્મનો કર્તા-ભોક્તા કોણ? **Marks: 7**

૧. શિષ્યે ભાવકર્મના કર્તા-ભોક્તા માટે કયા ત્રણ વિકલ્પ મૂક્યા? ત્રીજા વિકલ્પ માટે આપેલ ચૂના-હળદરનું માત્ર દૃષ્ટાંત લખો. - 2 marks

.....

.....

.....

૨. આ શંકાના સમાધાનમાં જિનાગમના કયા ત્રણ સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો છે? - 1 ½ marks

.....

.....

.....

૩. જો ભાવકર્મ પોતાની મેળે ઉત્પન્ન થતા હોય તો શું આપત્તિ આવે? ભાવકર્મ જીવનો સ્વભાવ શા માટે ન હોઈ શકે? - 1 mark

.....

.....

૪. ભાવકર્મના કર્તા તરીકે 'જીવ' નહીં પણ 'મિથ્યાત્વી જીવ' કહી આત્મરસી બનારસીદાસજીએ કઈ સૂક્ષ્મતા બતાવી? - 1 mark

.....

.....

૫. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની કર્તાપદની ત્રણ ગાથાઓના કયા શબ્દોમાં પરમકૃપાળુદેવે આ જ વાત સરળ રીતે સમજાવી છે? - 1 ½ marks

.....

.....

.....

* * *